ઇલેક્શન કાઉન્ટ-ડાઉન
VOTE 14
દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૫ | ૧૬ એપ્રિલ, ૨૦૧૪, બુધવાર; ચૈત્ર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાના સાત લાખ યુવા મતદારો નિર્ણાયક બનશે

## ૨,૭૧,૩૯૭ મતદારો ૩૦ થી ૩૯ વર્ષની આયુના છે તો ૩૦,૬૧૦ મતદારો ૧૮ થી ૧૯ની આયુ ધરાવે છે : જિલ્લાને સંકલિત થતી ત્રણેય લોકસભા બેઠકોના પરિણામ પર યુવા મતદારોની અસર વર્તાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના સાત લાખ યુવા મતદારો લોકસભાની ૩ બેઠક પર નિર્ણાયક બનશે. ગાંધીનગર, અમદાવાદ પૂર્વ અને મહેસાણા બેઠક પર આ મતો નિર્ણાયક બનશે. આ મતદારોએ જિલ્લાના નોંધાયેલા મતદારોના ૭૦ ટકા જેટલા છે.

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા મતદારોની દ્દષ્ટિએ જોઈએ તો ૩૦,૬૧૦ મતદારો ૧૮ થી ૧૯ વર્ષની આયુ ધરાવે છે. જે આ ચૂંટણીમાં પહેલીવાર મતદાન કરશે. તો ૨૦-૨૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૨,૬૯,૫૦૩ છે. ૩૦ થી ૩૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૨,૭૧,૩૯૭ છે. જયારે ૪૦ થી ૪૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૨,૧૩,૮૩૬ છે.

ગાંધીનગર જિલ્લામાં મતદારોની સંખ્યામાં સારો એવો વધારો થયો છે. વિધાનસભાની ચૂંટણી બાદ ૭૪ હજાર કરતાં પણ વધુ મતદારો પંચની ઝુંબેશો દરમિયાન નોંધાયા છે.

મહિલા અને યુવા મતદારોની સંખ્યામાં ભારેખમ વધારો થયો હોવાથી બધા રાજકીય પક્ષોએ પણ યુવા પ્રચારકો પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. બંને મુખ્ય રાજકીય પક્ષોએ

● અનુસંધાન પાન-૭ પર



હનુમાન જયંતિ - સેક્ટર-૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણમાં હનુમાન જયંતિ નિમિત્તે હનુમાન ચાલીસાના પાઠ અને મહાઆરતીનો કાર્યક્રમ પૂજ્ય હરિકેશવદાસ શાસ્ત્રીજીની નિશ્રામાં યોજાયો હતો. હનુમાન જયંતિ નિમિત્તે નગરના વિવિધ મંદિરોમાં અભિષેક, મહાઆરતી, હોમ-હવનના કાર્યક્રમો દિવસ દરમિયાન યોજાયા હતા. સાંજે સેક્ટર-૨૩ના મંદિર ખાતે શિસ્તબદ્ધ રીતે ભાવિકો મોટી સંખ્યામાં શાંતચિત્તે બેસી હનુમાનજીની આરાધના કરી ત્યારે અલૌકિક વાતાવરણ નિર્માણ થયું હતું. સૌના હોઠ પર હનુમાન ચાલીસાની એ પંક્તિ શ્રદ્ધાપૂર્વક ગવાતી હતી. 'નાસે રોગ હરે સબ પીડા, જપત નિરંતર હનુમંત વિરા..., સંકટ સે હનુમાન છુડાવે, મન-કર્મ-વચન ધ્યાન જો લાવે....' હનુમાન વંદનાની આ પંક્તિઓ ભાવિકોને શાંત્વના આપે છે, શ્રદ્ધા નિર્માણ કરે છે અને જીવવાનો જુસ્સો અને જોમ પ્રગટાવે છે... એટલે જ હનુમાનજીને કળીયુગના દેવ - જાગતા દેવ કહેવાય છે... યુવાનો જેમના ઉપર અખૂટ શ્રદ્ધા રાખે છે એવા હનુમાનજી મહારાજના ચરણોમાં પ્રણામ પાઠવી ભય ભગાવી શ્રદ્ધાને સ્થાપિત કરીએ....

# રાજનાથસિંહ અને સોનિયા ગાંધી ૨૪મીએ ગુજરાતમાં

## ગુજરાતના શુષ્ક ચૂંટણી માહોલમાં ગરમાવો આવશે : રાજનાથસિંહ રાજકોટમાં, સોનિયા વલસાડ, ખેરાલુમાં અને રાહુલ ગાંધી ભાવનગર અને પંચમહાલ પ્રચાર કરશે

અમદાવાદ, તા.૧૫

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટે તા. ૩૦મી એપ્રિલના રોજ યોજાનારી ચૂંટણીને આડે હવે માત્ર ૧૫ દિવસ જ બાકી રહ્યા હોવા છતાં હજુ ચૂંટણીનો માહોલ જામ્યો નથી, પરંતુ ભાજપ અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષના તા. ૨૪મી એપ્રિલના રોજ તથા તથા નીતિન ગડકરી તા. ૨૫-૨૬ના રોજ અને રાહુલ ગાંધી પણ તા. ૨૬મીના રોજ ગુજરાતના ઝુંઝવાતી ચૂંટણી પ્રચાર બાદ રાજકીય માહોલ ગરમ બનશે તેમ સુત્રો જણાવી રહ્યા છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસીંગ તા. ૨૦મી એપ્રિલે ગુજરાતના પ્રવાસો આવવાના હતા પરંતુ તેમનો આ કાર્યક્રમ રદ થતા હદે તેઓ તા. ૨૪મી એપ્રિલે ગુજરાતના પ્રવાસે આવશે અને સંભવતઃ રાજકોટ ખાતે જાહેરસભાને સંબોધન કરશે. ભાજપ દ્વારા હજુ તેમના પ્રવાસ કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધી પણ તા. ૨૪મી એપ્રિલના રોજ ગુજરાતની એક દિવસની મુલાકાતે આવશે અને તેઓ વલસાડ તેમજ ખેરાલુમાં જાહેરસભાને સંબોધન કરશે. જ્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પણ તા. ૨૬મી એપ્રિલે ગુજરાતના ઝંઝાવાતી ચૂંટણી

● અનુસંધાન પાન-૭ પર

# આજે ઉમેદવારો પ્રથમ તબક્કાનો ચૂંટણી ખર્ચ નિરીક્ષકો સમક્ષ રજુ કરશે

## ચૂંટણી ખર્ચની મર્યાદામાં વધારા બાદ પહેલીવાર ચૂંટણી યોજાઈ રહી છે : ખર્ચ નિયંત્રણ માટે પંચે પણ કડક વલણ અપનાવ્યુ છે : તંત્રએ શેડો રજીસ્ટર બનાવ્યુ છે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સંસદીય મતવિસ્તારના ૧૮ ઉમેદવારો ઉમેદવારીપત્ર ભર્યા પછી આજ સુધી કરેલા ખર્ચના હિસાબો ખર્ચ નિરીક્ષકો સમક્ષ રજુ કરશે.

સવારે ૧૦ વાગ્યાથી કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારોને હિસાબ રજુ કરવા માટે જણાવી દેવામાં આવ્યુ છે. આર્થિક રીતે સંવેદનશીલ ગણાતી ગાંધીનગર સંસદીય બેઠક માટે બે ખર્ચ નિરીક્ષકોની નિમણુંક કરી છે. બન્ને નિરીક્ષકો સમક્ષ ઉમેદવાર અથવા તો તેમના ખર્ચ એજન્ટ હિસાબ રજુ કરી શકશે.

આ નિરીક્ષકો તંત્ર દ્વારા બનાવાયેલા શેડો રજીસ્ટર મુજબ દર્શાવવામાં આવેલા ખર્ચનું મેળવણુ કરશે અને જરૂરી સ્પષ્ટતાઓ પણ શંકાસ્પદ ખર્ચ બાબતે મેળવી શકશે.

ગાંધીનગરમાં ચૂંટણી ખર્ચ પર બાજ નજર રાખવા માટે તંત્રએ ફલાઈંગ સ્કવોર્ડ અને સ્ટેટીક સર્વેલન્સ ટીમો કાર્યરત કરી દીધી છે. આ બેઠક પર ઉમેદવારીપત્રો ભરાયા તે પૂર્વે પક્ષો દ્વારા વીસ લાખ જેટલો ખર્ચ કરી નાખવામાં આવ્યો હતો તેમ કહેવાય છે.

ઉમેદવારો દ્વારા થતા નાણાંના દુરૂપયોગને નાથવા માટે કંઈક મહત્વના પગલાંઓ લીધા છે. ઉમેદવારો દ્વારા જે હિસાબો રજુ થશે

● અનુસંધાન પાન-૭ પર



હનુમાન જ્યંતિ નિમિત્તે કેમ્પ હનુમાન મંદિરમાં કેક કાપવામાં આવી હતી અને જન્મજ્યંતિની ઉજવણી કરાઈ હતી.

# મિશન-૨૬ માટે ભાજપનો આજે રાજ્યમાં તીવ્ર પ્રચાર

## મોદીને વડાપ્રધાન બનાવવા અપીલ કરાશે : લોકસભાની જુદી જુદી બેઠકો પર ભાજપની ટીમ ઉતરી પડશે : ભાજપ પ્રદેશ આગેવાનો આક્રમક મૂડમાં આવ્યા

અમદાવાદ, તા.૧૫

ભાજપ પ્રદેશ મીડીયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, ભાજપ પ્રદેશ આગેવાનો લોકસભા ૨૦૧૪ના મિશન ૨૬ સંકલ્પને સાકાર કરવા વિવિધ સંસદીય ક્ષેત્રોમાં જઈ ભાજપના ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે અને વિવિધ ૬૧ જગ્યાએ લોકસંપર્ક અને જાહેરસભાઓને સંબોધનાર છે. ઠેર ઠેર કોંગ્રેસના કુશાસનને ઉખાડી ફેકવા અને દેશમાં આતંકવાદ અને નકસલવાદની સમસ્યાઓને જડમુળમાંથી નશ્યત કરવા ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પીએમ બનાવવા આહવાન કરશે. આવતીકાલ તા. ૧૬-૪-૧૪ના રોજ ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી સમિતિના ચેરમેન પરશોત્તમ રૂપાલા

● અનુસંધાન પાન-૭ પર

## NEWS બિસ્ત્રો

### પ્રિયંકાના અમેઠીમાં ડેરા તંબુ

ઉત્તરપ્રદેશના અમેઠી અને



રાયબરેલીમાં ભાઈ અને માતાના ચુંટણીપ્રચાર માટે ગાંધી પરીવારના દિકરી અને કોંગ્રેસના સ્ટાર પ્રચારક પ્રિયંકા ગાંધી વાડરાએ સોમવારથી ડેરા તંબુ તાણ્યા છે. છેલ્લી બે ચુંટણીઓથી રાહુલ અને સોનિયાના મત વિસ્તારમાં ચુંટણી સંચાલન પ્રિયંકા ગાંધી સંભાળે છે.

### કેજરીવાલની ટોપી પર ઉર્દુમાં નારો

આમ આદમી પાર્ટીના ઉમેદવાર અરવિંદ કેજરીવાલ ચુંટણી પ્રચાર માટે વારાણસી પહોંચ્યા ત્યારે તેમની ટોપી પર ઉર્દુમાં નારો લખાયેલો જોવા મળ્યો



હતો. વારાણસીના મુસ્લિમ મતદારોને રીઝવવા તેઓએ 'મુઝે ચાહીયે સ્વરાજ' એ નારો ઉર્દુમાં લખેલી ટોપી પહેરી હોવાનું કહેવાય છે.

### રાહુલ સાંઈબાબાના શરણે


કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આજે શીરડી સાંઈ બાબાના મંદિરે માથુ ટેકવવા પહોંચ્યા હતા. મહારાષ્ટ્રના ચુંટણી પ્રવાસના પ્રારંભે જ વહેલી સવારે રાહુલ ગાંધી સાંઈબાબાના મંદિરે



પહોંચતા ટ્રસ્ટીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રાહુલે ભાવપૂર્વક પૂજન અર્ચન કરી આરતી ઉતારી હતી.

### સુષ્મા સ્વરાજ જાહેરસભા કર્યા વિના પરત ફર્યા

સુષ્મા સ્વરાજ આજે મધ્યપ્રદેશના શિવપુરી વિસ્તારના ઉમેદવારના પ્રચાર માટે હેલીકોપ્ટર મારફતે શિવપુરી પહોંચ્યા હતા. જો કે અહીં આ દિગ્જજ નેતાને આવકારવા માટે



ઉમેદવાર કે તેમના કોઈ સમર્થકો અને કાર્યકરો ન પહોંચતા થોડીકવાર માટે તેઓ હેલીકોપ્ટરમાં જ બેસી રહ્યા હતા. આખરે આ અંગેની જાણ સ્થાનિક ઉમેદવાર અને કાર્યકરોને થતા તેઓ સુષ્મા સ્વરાજને લેવા હેલીપેડ પહોંચ્યા હતા. જો કે સુષ્મા સ્વરાજ આ વાતથી એટલા બધા ગુસ્સે ભરાયા હતા કે તેઓ અહીં જાહેરસભા કર્યા વિના જ પરત ફર્યા હતા.

### કિશનગંજના ઉમેદવારે જેડીયુની ટીકીટ પરત કરી

બિહારના કિશનગંજના જેડીયુના ઉમેદવાર અખ્તરઉલ ઈમાને ટીકીટ પરત કરી છે. તેઓએ ટીકીટ પરત કરતા જેડીયુને



વધુ એક ઝાટકો લાગ્યો છે. જેડીયુ આ વખતે કોઈ ગઠબંધન વિના ચુંટણી લડી રહ્યું છે. છેલ્લી ઘડીએ તેઓએ ટીકીટ પરત કરતા હવે ઉમેદવાર બદલી શકાય તેમ નથી.

